**LOMA LINDA UNIVERSITY**
**CHILDREN'S HOSPITAL**
**સંચાલન નિતિ**

| | | | |
|---|---|---|---|
| **વર્ગ:** | નાણાકીય | **કોડ:** | CH-C-55 |
| | | **અસરકારક:** | 12/2017 |
| **વિષય:** | બિલિંગ અને વસૂલાતો | **ફેરબદલ કરે છે:** | --- |
| | | **પૃષ્ઠ:** | 6 પૈકીનું 1 |

**ઉદ્દેશ્ય:**

Loma Linda University Children's Hospital ("LLUCH") ને આ નીતિ તેની નાણાકીય સહાયતા નીતિ (Financial Assistance Policy, FAP) સાથે લાગુ પડે છે, જેનો હેતુ મર્યાદા વિના, સુધારા મુજબ, 1986 ના ઈન્ટરનલ રેવન્યૂ કોડ (Internal Revenue Code, IRC) ની કલમ 501 (r) ), અને તે હેઠળના નિયમો સહિત લાગુ પડતા ફેડરલ, રાજ્ય અને સ્થાનિક કાયદાઓની જરૂરિયાતોને પૂરી કરવાનો છે. આ નીતિ LLUCH દ્વારા પૂરી પાડવામાં આવેલ તબીબી સંભાળ માટે બિન ચુકવણીના સંજોગોમાં લેવામાં આવેલા પગલાંઓ જે અસાધારણ વસૂલાતના પગલાંઓ (Extraordinary Collection Actions, ECA) સુધી મર્યાદિત નથી પરંતુ તેને સામેલ કરે છે. LLUCH ચૂકવણી કરવાની ક્ષમતાના આધારે કટોકટી અથવા અન્ય તબીબી રીતે જરૂરી કાળજીનો ઈન્કાર કરશે નહીં. આ નીતિ પાછળના માર્ગદર્શક સિદ્ધાંતો બધા જવાબદાર દર્દીઓ અને વ્યક્તિ (ઓ)ની ગૌરવ અને આદર સાથે સમાન રીતે સારવાર કરવાનો છે અને યોગ્ય બિલિંગ અને વસૂલાતની કાર્યવાહી એકસમાન રીતે અનુસરવામાં આવે છે તેની ખાતરી કરવાનો છે અને FAP હેઠળ સહાયતા માટે પાત્ર દર્દી એકાઉન્ટની સંપૂર્ણ અથવા અંશત: ચૂકવણી માટે વ્યક્તિ(ઓ) જવાબદાર છે કે કેમ તે નક્કી કરવા માટે વાજબી પ્રયત્નો કરવામાં આવે છે તેની ખાતરી કરવાનો છે.

LLUCH વીમાધારક અને વીમા વિનાના દર્દીઓને તેમની ચુકવણીની જવાબદારી પૂરી કરવા અને FAP હેઠળ સહાયતા મેળવવા માટે લાયક તમામ દર્દીઓ માટે સુસંગત અને સંલગ્ન દર્દી બિલિંગ અને વસૂલાત પદ્ધતિઓનો અમલ કરવા માટે પ્રતિબદ્ધ છે.

**A. બિલિંગ અને નાણાકીય વિચારણા**

1. LLUCH FAP હેઠળ સહાય માટે દર્દી લાયક છે કે નહીં તે નક્કી કરવા માટે વાજબી પ્રયત્નો કરવામાં આવે તે પહેલાં, LLUCH પ્રત્યક્ષ રીતે અથવા તેના અધિકૃત વિક્રેતાઓ દ્વારા, ECAs માં જોડાશે નહીં.

2. સેવાના સમયે અથવા જતી વખતે યોગ્ય પત્રવ્યવહારનું સરનામું અને સાચો ટેલિફોન નંબર પ્રદાન કરવા માટે દર્દી અથવા બાંયધરી આપનાર(અહીં "દર્દી" તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે) ની જવાબદારી છે. જો કોઈ ખાતામાં કોઈ માન્ય સરનામું

અથવા ટેલિફોન નંબર ન હોય, તો તે વાજબી પ્રયત્નના નિર્ધારણ પર અસર કરી શકે છે.

3. વીમાના દર્દીઓના સૌજન્ય તરીકે, તેમની વીમા કંપની સાથે પ્રારંભિક દાવો દાખલ કરવામાં આવશે. પ્રાથમિક વીમા ચૂકવણીકાર સાથે પૂર્ણ કરવામાં આવેલા દાવાના નિરાકરણ પછી દર્દી વતી ગૌણ અને અથવા ત્રાહિત ચૂકવણીકારોએ LLUCHઅથવા તેના અધિકૃત વિક્રેતાઓ દ્વારા દાવો દાખલ કરવાનો રહેશે. LLUCH દ્વારા તેમના દાવા માટે વિમા વિનાના દર્દીઓને પ્રત્યક્ષ રીતે બિલ આપવામાં આવશે.

4. એકવાર બન્ને પ્રાથમિક અને ગૌણ દાવા નિરાકરણ થઈ ગયા પછી, બધા ખાતા તે પછી વીમા સાથેના અથવા વીમા વિનાના હોય તેમણે LLUCH માટે બાકી બેલેન્સ ધરાવતા દર્દીઓ માટે સમાન વસૂલાત પ્રક્રિયાઓ પૂર્ણ કરવાની રહેશે.

4.1 LLUCH અથવા તેના અધિકૃત વિક્રેતાઓ ઇશ્યૂ વખતે પહેલીવાર ડિસ્ચાર્જ બિલિંગ સ્ટેટમેન્ટની તારીખથી 150 દિવસ સુધી અને FAP હેઠળ દર્દી નાણાકીય સહાય માટે પાત્ર છે કે કેમ તે નક્કી કરવા વાજબી પ્રયત્નો કરવામાં આવે તે પહેલાં ECAs માં જોડાશે નહીં.

4.2 LLUCH અથવા તેના અધિકૃત વિક્રેતાઓ નાણાકીય સહાય સૂચવતી નોટીસ સહિત દર્દીને મેઇલ દ્વારા ચાર (4) બિલિંગ સ્ટેટમેન્ટ આપશે અને ઓછામાં ઓછો એક (1) ફોન કૉલનો પ્રયત્ન કરશે કે કયા સમયે LLUCH અથવા તેના અધિકૃત વિક્રેતાઓ FAP ના દર્દીને સૂચિત કરી શકે છે.

4.3 LLUCH અથવા તેના અધિકૃત વિક્રેતાઓ કોઈ પણ ECAs શરૂ કરવાના ઓછામાં ઓછા ત્રીસ (30) દિવસ પહેલાં:

a. LLUCH સંભાળ માટે ચુકવણી મેળવવાની શરૂઆત કરે તે અંગે ECAs ની સૂચના દર્દીને આપવામાં આવશે.

b. દર્દીને FAP નું સરળ ભાષામાં સારાંશ (Plain Language Summary) આપવામાં આવશે.

c. અંતે જાણીતા ટેલિફોન નંબર દ્વારા ટેલિફોન દ્વારા દર્દીનો મૌખિક સંપર્ક કરવા માટે પ્રયાસ કરવામાં આવશે.

4.4 બિન ચૂકવણીના સંજોગોમાં અને ઉપલબ્ધ નાણાકીય સહાય વિશે દર્દીને

સૂચિત કરવા માટે વાજબી પ્રયાસો કર્યા પછી, LLUCH અથવા તેના અધિકૃત વિક્રેતાઓ પ્રથમ પોસ્ટ-ડિસ્ચાર્જ બિલિંગ સ્ટેટમેન્ટની તારીખ પછી 150 દિવસે વસૂલાત શરૂ કરી શકે છે.

4.5 અરજીના ગાળા દરમિયાન પ્રાપ્ત કરેલ પૂર્ણ થયેલી નાણાકીય સહાય અરજી (Financial Assistance Application, FAA)ના સંજોગોમાં, LLUCH દર્દી FAP હેઠળ નાણાકીય સહાય માટે પાત્ર છે કે નહીં તે નક્કી કરવા વાજબી પ્રયાસ કરતાં ECAs ને સ્થગિત કરશે. અરજીના સમયગાળા દરમિયાન અપૂર્ણ FAA પ્રાપ્ત કરવાના સંજોગોમાં, તો ECAs ત્રીસ (30) દિવસ કરતાં વધુ નહીં તેટલા સમય સુધી સ્થગિત કરવામાં આવશે, જ્યારે LLUCH દર્દીને લેખિત નોટિસ આપે છે કે જો FAA પૂર્ણ ન થાય તો ECAs શરૂ કરી શકાય છે અથવા ફરીથી ચાલુ થઈ શકે છે. વસૂલાતની પ્રવૃત્તિ નીચેની પરિસ્થિતિઓમાં ફરી શરૂ થશે: (i) આંશિક ગોઠવણ થઈ હોય, (ii) દર્દી નાણાકીય સહાય પ્રક્રિયા સાથે સહકાર કરવામાં નિષ્ફળ જાય, અથવા (iii) દર્દી નાણાકીય સહાય માટે પાત્ર ન હોય.

4.6 જો ત્રાહિત વિક્રેતા પક્ષકાર અથવા વસૂલાત એજન્સી દર્દીને LLUCHની નાણાકીય સહાયતાના માપદંડ પૂરા કરતી હોવાનું જણાવે તો દર્દીના એકાઉન્ટને નાણાકીય સહાય માટે ધ્યાનમાં લેવામાં આવશે. ECAs ત્રીસથી (30) વધુ નહીં તેટલા દિવસ સુધી સસ્પેન્ડ કરવામાં આવશે, જ્યારે LLUCH દર્દીને લેખિત નોટિસ આપે છે કે જો FAA પૂર્ણ ન થયેલ હોય તો ECAs શરૂ થઈ શકે છે અથવા ફરી શરૂ કરી શકાય છે. વસૂલાતની પ્રવૃત્તિ નીચેની પરિસ્થિતિઓમાં ફરી શરૂ થશે: (i) આંશિક ગોઠવણ થઈ હોય, (ii) દર્દી નાણાકીય સહાય પ્રક્રિયા સાથે સહકાર કરવામાં નિષ્ફળ જાય, અથવા (iii) દર્દી નાણાકીય સહાય માટે પાત્ર ન હોય.

5. વસૂલાતના ચક્ર દરમિયાન કોઈ પણ સમયે દર્દીઓ LLUCH FAP અનુસાર નાણાંકીય સહાય વિચારણા માટે નાણાંકીય માહિતી રજૂ કરી શકે છે. આવી સહાયની વિચારણા કરવામાં આવે તે પહેલાં ત્રાહિત પક્ષ ચૂકવણીકારો તરફથી સહાયના અને ઉપલબ્ધ ચૂકવણીના તમામ ઉપલબ્ધ રસ્તાઓ ઉપયોગમાં લેવાઈ ચૂકેલા હોવા જોઈએ.

6. જ્યારે સંપૂર્ણ ચુકવણી શક્ય ન હોય ત્યારે LLUCH FAP મુજબ ચૂકવણીની વ્યવસ્થા કરવા માટે દર્દીઓને LLUCH ની વેબસાઇટ અને પત્રવ્યવહાર દ્વારા પ્રોત્સાહન

આપવામાં આવે છે.

## B. બિલિંગ અને વસૂલાત નીતિ જાહેર કરવાનાં પગલાં

1. બિલિંગ અને ચૂકવણી નીતિની નકલો, નાણાકીય સહાયની નીતિ (FAP), FAP માટે સરળ ભાષા સારાંશ, અને નાણાકીય સહાય અરજી (FAA) વ્યાપકપણે જાહેર કરવામાં આવશે અને તેને નીચેની રીતે મેળવી શકાય છે:

   1.1. LLUCH વેબસાઇટ પર **ઓનલાઇન,** https://medical-center.lomalindahealth.org/financial-assistance#lluch

   1.2. (909) 651-4177 **પર** LLUCH **ગ્રાહક સેવા ખાતે** ટેલિફોન દ્વારા

   1.3. **મેઇલ દ્વારા** LLUCH Customer Service:

   P.O. Box 700,

   Loma Linda, CA 92354 પર

   1.4. **કટોકટી વિભાગોમાં** ચોંટાડેલા ચિન્હો અને કાગળની નકલો અથવા બ્રોશર્સ દ્વારા, તમામ LLUCH હોસ્પિટલોના દાખલ કરવાના વિસ્તારો અને બિઝનેસ કચેરીઓ, જે હોસ્પિટલોના સેવા વિસ્તાર માટે યોગ્ય હોય તેવી ભાષામાં.

   1.5. **LLUCH હોસ્પીટલોમાં દર્દીઓની સાથે**, જરૂરિયાત મુજબ **ફાઈનાન્સીઅલ કાઉન્સેલરની મુલાકાત** દ્વારા રૂબરૂમાં, અને જ્યારે યોગ્ય હોય ત્યારે, નિયુક્ત સ્ટાફ દ્વારા ચર્ચાઓ કરીને.

   1.6. **બિલિંગ સ્ટેટમેન્ટમાં** નાણાકીય સહાય વિશેની પૂછપરછ માટે ફોન નંબરનો સમાવેશ કરવામાં આવશે.

## C. વ્યાખ્યાઓ

<u>એપ્લીકેશન પીરિયડ</u>:

આનો અર્થ એવો થાય છે કે નાણાકીય સહાય માટે વ્યક્તિ અરજી કરી શકે છે તે સમયગાળો. એપ્લીકેશન પીરિયડ LLUCH મેઈલ કરે અથવા સંભાળ માટે વ્યક્તિને ઇલેક્ટ્રોનિક રૂપે પ્રથમ બિલિંગ સ્ટેટમેન્ટ પૂરૂં પાડે તે પછી 240માં દિવસના રોજ પૂરો થાય છે, પરંતુ અસાધારણ સંજોગોમાં LLUCH દ્વારા લંબાવી શકાય છે.

<u>અધિકૃત વિક્રેતા</u>:

એટલે એવા વિક્રેતાઓ કે જેમની સાથે LLUCH દર્દીઓ દ્વારા ચૂકવવાની થતી રકમ બાબતે દર્દીઓને પત્રો, નોટિસો, બિલો અને /અથવા અન્ય સ્ટેટમેન્ટ્સ રજૂ કરવા અને મોકલવા કરાર કરી શકે છે અને તેમના બિનચૂકવાયેલ બિલોની ચૂકવણી સંબંધી સંપર્ક કરી શકે છે.

એક્સ્ટ્રાઓર્ડિનરી કલેક્શન ઍક્શન (ECA):

એનો અર્થ એ કે LLUCHની નાણાકીય સહાય નીતિ હેઠળ આવરી લેવામાં આવતી સંભાળ માટેના બિલની ચુકવણી મેળવવા સંબંધિત વ્યક્તિ સામે LLUCH દ્વારા લીધેલા પગલાઓ અને તેમાં નીચેનાનો સમાવેશ થઈ શકે છે: (a) ફેડરલ કાયદા દ્વારા વ્યક્ત રીતે પૂરા પાડવામાં આવેલ છે તે સિવાય, અન્ય પક્ષને વ્યક્તિગત દેવાનું વેચાણ કરવું; (b) ગ્રાહક ક્રેડિટ બ્યુરોમાં વ્યક્તિ વિશે પ્રતિકૂળ માહિતીની જાણ કરવી; અને (c) જપ્તીની રીટ, અને વ્યક્તિગત વેતનમાં કાપ કરવાને લગતા કેટલાક પૂર્વાધિકાર, રિયલ એસ્ટેટ પરના ગીરો, જપ્તી/ટાંચ, નાગરિક કાર્યવાહી શરૂ કરવી સહિત ફેડરલ કાયદા દ્વારા નિર્દિષ્ટ અમુક કાયદાકીય પગલા જેમાં કાનૂની અથવા અદાલતી કાર્યવાહીની જરૂર હોય છે. હોસ્પિટલ દ્વારા પૂરી પાડવામાં આવતી સંભાળ માટે વ્યક્તિગત ઇજાઓના પરિણામે વ્યક્તિ (અથવા તેના અથવા તેણીના પ્રતિનિધિ)ને બંધનકર્તા બનાવતા ચુકાદા, પતાવટ અથવા સમાધાનની કાર્યવાહીઓ અંગે રાજયના કાયદા હેઠળ દાવો રજૂ કરવા માટે હકદાર હોય એવા કોઈપણ પૂર્વાધિકારનો ECAs સમાવેશ કરતા નથી.

નાણાકીય સહાય નીતિ:

એનો અર્થ થાય છે કે નાણાકીય સહાયની જરૂર હોય તેવા લાયક દર્દીઓ માટે નાણાકીય સહાયની જોગવાઈ માટે LLUCH દ્વારા સ્થાપિત નીતિ, ખાસ કરીને LLUCH FAP.

ઇન્ટર્નલ રેવન્યુ કોડ (Internal Revenue Code) 501 (r):

આ એવા નિયમોનો સમાવેશ કરે છે કે જે સખાવતી હોસ્પિટલોને લાગુ પડતા હોય.

તબીબી રીતે જરૂરી સંભાળ:

એટલે કે કેલિફોર્નિયા વેલ્ફેર એન્ડ ઈન્સ્ટિટ્યૂશન્સ કોડ (California Welfare & Institutions Code) §14059.5 દ્વારા નિર્ધારિત આરોગ્ય સંભાળ સેવાઓ. જીવનની રક્ષા માટે, મહત્વની માંદગીને અટકાવવા અથવા મહત્વની અપંગતાને રોકવા માટે, અથવા તીવ્ર પીડાને દૂર કરવા માટે, જ્યારે તે વ્યાજબી અને જરૂરી હોય ત્યારે તબીબીરૂપે જરૂરી હોય અથવા તબીબી આવશ્યકતા હોય તે સેવા." આ વ્યાખ્યામાંથી બાકાત રાખેલી એ અનન્ય સેવાઓ

છે જ્યાં તબીબી અસરકારક વૈકલ્પિક ઉપચાર ઉપલબ્ધ છે. ઉદાહરણોમાં શામેલ છે: 1) કોસ્મેટિક અને /અથવા પ્લાસ્ટિક સર્જરી સેવાઓ; 2) વંધ્યત્વ સેવાઓ; 3) દ્રષ્ટિ સુધારણા; 4) પ્રોટોન થેરપી; 5) રોબોટિક કાર્યવાહીઓ; 6) ઓર્થોટીક્સ /પ્રોસોથેટિકસ; 7) સરોગેટ પ્રેગ્નન્સી; અથવા 8) અન્ય સેવાઓ કે જે મુખ્યત્વે દર્દી ના આરામ અને/અથવા દર્દીની સુવિધા માટે હોય.

સરળ ભાષા સારાંશ: એટલે નાણાકીય સહાયતા નીતિનો સારાંશ જે વાંચવામાં સરળ, સમજવા માટે સરળ અને ઉપયોગ માટે સરળ હોય.

**રેફરન્સ નીતિ**

ચેરિટી કેર/ડિસ્કાઉન્ટ ચૂકવણી (CH-C-22)

નાણાકીય સહાય નીતિ મંજૂર: LLUCH બોર્ડ, LLUCH ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર, LLUCH હોસ્પિટલ એક્ઝિક્યુટિવ લીડરશીપ, LLUCH સિનિયર વાઇસ પ્રેસિડન્ટ ઑફ ફાયનાન્સ; બોર્ડ